

આવ રે વરસાદ... - દોઢ દિવસના વિરામ બાદ મંગળવારની સમી સાંજે ગાજવીજ સાથે પાટનગરમાં વરસાદી ઝાપટું વરસ્યું હતું... જોકે, ગાજવીજના પ્રમાણમાં મેઘરાજા મન મૂકીને વરસ્યા નહિ એનો અફસોસ જનજીવનમાં વર્તાતો હતો... આમ છતાં મેઘરાજાની પધરામણીથી પ્રાકૃતિક સૌંદર્ય ખીલી ઉઠ્યું હતું... નીચાણવાળા ભાગોમાં પાણી ભરાયાની ફરિયાદો પણ ઉઠવા પામી હતી...

# ગાંધીનગર રેલવે સ્ટેશનનું ૧૬મીએ વર્ચ્યુઅલ લોકાર્પણ


**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૬મીએ સાંજે ૪ વાગ્યે ગાંધીનગર રેલવે સ્ટેશન-ફાઈવ સ્ટાર હોટલ સહિત ગાંધીનગરને વારાણસી સાથે જોડતી નવી સાપ્તાહિક સુપરફાસ્ટ ટ્રેનનો વર્ચ્યુઅલ પ્રસ્થાન સંકેત આપી પ્રારંભ કરાવશે : ગાંધીનગરના નવિનીકરણ પામેલા અદ્યતન રેલ્વે સ્ટેશન-૩૧૮ રૂમની સુવિધાસભર ફાઇવસ્ટાર હોટેલના વર્ચ્યુઅલ લોકાર્પણ કરશે : સાયન્સસિટીમાં રૂ. ૨૬૪ કરોડના ખર્ચે તૈયાર થયેલી એકવાટિક ગેલેરી-૧૨૭ કરોડના ખર્ચે નિર્માણ થયેલી રોબોટીક ગેલેરી અને રૂ. ૧૪ કરોડના ખર્ચે આકાર પામેલા નેચર પાર્ક એમ ત્રણ નવિન પ્રકલ્પોની ભેટ આપશે**

ગાંધીનગર, તા.૧૩

પ્રધાનમંત્રીશ્રીની પ્રેરણાથી ગુજરાતને વૈશ્વિક સ્તરે ઊદ્યોગ, વેપાર, પ્રદર્શની જેવા રાષ્ટ્રી-આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ માટે આકર્ષણનું કેન્દ્ર બનાવવા વિશાળ મહાત્મા મંદિરનું નિર્માણ થયેલું છે.

હવે, આ મહાત્મા મંદિરની નજીકમાં જ ૭૪૦૦ સ્કેવર મીટરમાં અંદાજે રૂ. ૭૯૦ કરોડના ખર્ચે આકાર પામેલી ૩૧૮ રૂમની અદ્યતન હોટલ અને અતિઆધુનિક રેલ્વે સ્ટેશન આ ત્રણેય સ્થળો નજીક-નજીક હોવાથી ગાંધીનગરમાં વૈશ્વિક કોન્ફરન્સ, ગ્લોબલ એકઝીબિશન, સેમિનાર્સ જેવા ઈવેન્ટ માટે આવનારા દેશ-વિદેશના લોકોને વધુ સુવિધા અને સગવડતા મળતી થશે.

એટલું જ નહિ, ગુજરાત અને ગાંધીનગર માટે પણ આ નવિન અણમોલ નજરાણું બની રહેશે. વડાપ્રધાનશ્રી આ લોકાર્પણની સાથે સાયન્સ સિટીમાં નિર્માણ પામેલા ત્રણ નવિન આકર્ષણોનું પણ વર્ચ્યુઅલ ઉદઘાટન કરવાના છે.





સાયન્સ સિટી પરિસરમાં રૂ. ૧૨૭ કરોડના ખર્ચે ૧૧૦૦૦ સ્કેવર મીટર વિસ્તારમાં નિર્મિત અત્યાધુનિક રોબોટિક ગેલેરીમાં ૭૯ પ્રકારના ૨૦૦થી વધુ રોબોટ છે. પ્રવેશદ્વાર પર અચંબિત કરી દેનાર ટ્રાન્સફોર્મર રોબોટની પ્રતિકૃતિ છે. તેમજ આ ગેલેરીમાં ખાસ રીતે તૈયાર કરાયેલ હ્યુમનોઈડ રોબોટ આનંદ, આશ્ચર્ય અને ઉત્સાહ જેવી અનેક ભાવનાઓ વ્યકત કરતાં મુલાકાતીઓ સાથે વાતચીત કરે છે.

ગેલેરીના અલગ અલગ માળ પર વિવિધ ક્ષેત્રના રોબોટ્સ અને તેની ઉપયોગીતાનું પ્રદર્શન છે, જેમ કે મેડિસિન, એગ્રીકલ્ચર, સ્પેસ, ડીફેન્સ અને રોજિંદા જીવનમાં ઉપયોગી રોબોટ્સ. રોબોકાફેમાં રોબો શેફ દ્વારા બનાવાયેલ ભોજન રોબો વેઈટર્સ દ્વારા પીરસવામાં આવશે, તે સુવિધાઓનું પણ ઉદઘાટન વડાપ્રધાનશ્રી વર્ચ્યુઅલ માધ્યમથી કરશે.

ત્રીજું નવિન આકર્ષણ રૂ. ૧૪ કરોડના ખર્ચે નિર્માણ થયેલો નેચર પાર્ક છે જે ૨૦ એકરમાં પથરાયેલો છે. આ નેચર પાર્કમાં મિસ્ટ બાંબૂ ટનલ, ઓકસીજન પાર્ક, ચેસ અને યોગ સ્પેસ, ઓપન જીમ અને ખાસ બાળકો માટે તૈયાર કરાયેલ પ્લે એરિયા છે. અહીં જોગિંગ ટ્રેક, વોકિંગ ટ્રેક અને બાળકો માટે રસપ્રદ ભુલભુલૈયા પણ છે. વૈજ્ઞાનિક માહિતી સાથે વિવિધ સ્કલ્પ્ચર પણ છે જેમ કે મેમથ, ટેરર બર્ડ, સેબર ટૂથ લાયન, ગ્રાઊંડેડ સ્લોથ બેર, ઊધઈના રાફડા અને મધપૂડાની રચના અંગેની વૈજ્ઞાનિક સમજ આપવામાં આવે છે. મુલાકાતને યાદગાર બનાવવા સેલ્ફી કોર્નર પણ છે તેવા નેચર પાર્કનું પણ ઉદઘાટન પ્રધાનમંત્રીશ્રી કરશે.

વડાપ્રધાનશ્રીના હસ્તે આ વર્ચ્યુઅલ લોકાર્પણો સાથે રેલ્વે સેવાઓના પણ ચાર જેટલા નવતર આયામોના લોકાર્પણ થવાના છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ ગાંધીનગરથી વારાણસીને જોડતી નવી સાપ્તાહિક સુપરફાસ્ટટ્રેનનો વર્ચ્યુઅલ પ્રસ્થાન સંકેત આપી પ્રારંભ કરાવશે. એટલું જ નહિ, તેઓ ગાંધીનગરથી વરેઠા મેમુ સેવાનો પણ વર્ચ્યુઅલ શુભારંભ કરાવવાના છે.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ આ કાર્યક્રમોમાં વિડીયો કોન્ફરન્સથી સહભાગી થશે. ગાંધીનગર રેલ્વે સ્ટેશન ખાતે આ અવસરે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, કેન્દ્રીય રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ, રેલ્વે રાજયમંત્રી અને સુરતના સાંસદ શ્રીમતી દર્શનાબહેન જરદોશ તેમજ રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ પ્રત્યક્ષપણે ઉપસ્થિત રહેશે.

## આગામી પાંચ દિવસ જિલ્લામાં વરસાદી માહોલ છવાયેલો રહેશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્મામાં ૧૪ થી ૧૮ જુલાઈ સુધી સતત વરસાદી માહોલ રહેશે તેવુ હવામાન પૂર્વાનુમાન દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન શાસ્ત્ર વિભાગ દ્વારા કરાયુ છે. કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૩૦ માં જણાવ્યા પ્રમાણે આગામી પાંચ દિવસમાં આકાશ મોટેભાગે વાદળછાયુ રહેશે અને મધ્યમથી ભારે વરસાદ પડવાની શક્યતા છે.

મહત્તમ તાપમાન ૩૪ થી ૩૭ ડિગ્રી સે. જયારે લઘુત્તમ તાપમાન ૨૭-૨૮ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૪૧ થી ૭૯ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૬ થી ૧૬ કિ.મી. પ્રતિ કલાક રહેવા શકયતા છે. આ બુલેટીનમાં ખેડૂતોને ખરીફ વાવેતર સમયસર કરવા આગ્રહ કર્યો છે તેમજ વાવેતર સમયે શું શું કાળજી લેવી તે જોવા પણ જણાવ્યુ છે. દરમ્યાન જિલ્લામાં ચોમાસાની સીઝનનો વરસાદ ૯.૯૬ ટકા નોંધાયો છે.

તાલુકાવાર જોઈએ તો દહેગામમાં ૪.૯૬ ટકા, ગાંધીનગરમાં ૯.૯૩ ટકા, કલોલમાં ૧૪.૨૦ ટકા અને માણસામાં ૧૦.૩૮ ટકા વરસાદ થયો છે. જિલ્લામાં ૬૦ હજાર હેક્ટરમાં વાવણી સંપન્ન થઈ ચુકી છે જે નોંધનીય છે.

# સેકટરોમાં કમ્પાઉન્ડ વોલ દબાણો માટે ઢાલ બની

**સેકટરોમાં તબક્કાવાર કમ્પાઉન્ડ વોલ બનાવવામાં આવી રહી છે પરંતુ દબાણો દુર થતા નથી જુના અને નવા સેકટરોમાં કમ્પાઉન્ડ વોલ પાછળ જ ફેન્સીંગ અને પેવરના દબાણો રહીશો માટે પારાવાર હાલાકી : સરકારી જગ્યામાં કાર પાર્કીંગના શેડ થી માંડીને ફેન્સીંગવાળા બગીચા બનાવી રહીશોએ તાળા મારી દીધા છે : રહેણાંક વિસ્તારમાં કોમન પ્લોટ હોવાછતા પાર્કીંગની સમસ્યાઓ**

ગાંધીનગર તા ૧૩

શહેરના સેકટરોમાં એકબાજુ દબાણોની ભરમાર છે. સ્માર્ટ સીટી બનાવાની યોજના અન્વયે કરોડો રૂપિયાના ખર્ચે વિકાસના અનેકવિધ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. ત્યારે સેકટરોમાં દાયકાઓ જુની સમસ્યાઓનો કોઈ અંત આવ્યો નથી. સેકટરોમાં દબાણો વધતા ગીચતા વધતી જાય છે. હવે તો રહેણાંક વિસ્તારમાં પણ પાર્કીંગની સમસ્યા વધી છે. કોર્પોરેશનની હીસ્સેદારી સાથે થતા પેવરબ્લોકની કામગીરી બાદ પણ દબાણની સમસ્યા વધુ પેચીદી બની છે. ત્યારે કમ્પાઉન્ડ વોલ બનાવવાની કામગીરીના અંતે પણ સેકટરવાસીઓ માટે અનેક સમસ્યાઓ ઉભી થઈ છે. સેકટરોમાં કમ્પાઉન્ડ વોલ તાંણી બાંધવા માટે પણ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. પરંતુ કમ્પાઉન્ડ વોલ બાંધતા પુર્વે નિયત જગ્યાએ થયેલા દબાણો પણ દુર કરવામાં આવતા નથી. કેટલાક ઠેકાણે ઢોરવાડા અસ્તિત્વમાં આવ્યા છે. જયારે કેટલાક ઠેકાણે સરકારી જગ્યા પર બગીચાના નામે તોતિંગ દબાણો કરી જગ્યા કબજે કરી લેવામાં આવી છે. જેના લીધે સ્થાનિક રહીશો પણ ત્રસ્ત થયા છે. દબાણના લીધે ગંદકી અને રખડતા ઢોરનો પ્રશ્ન પણ વધુ જટીલ બન્યો છે. સેકટરોના રહેણાંક વિસ્તારમાં કાર પાર્કીંગ માટે શેડ પણ તાણી બંધાયા છે. તો કેટલાક ઠેકાણે બગીચા બનાવી તાળુ મારીને જગ્યા પર કબજો જમાવી લેવાયો છે. નવા સેકટરોમાં ફુટપાથને અડીને ફેન્સીંગના દબાણો વર્ષોથી દુર કરાયા નથી. જેના લીધે દિનપ્રતિદિન આવા દબાણો વધતા જાય છે.

જયારે હવે કમ્પાઉન્ડ વોલ બનાવવા માટે સેકટરામાં તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે જુના અને નવા સેકટરોમાં નતનવી સમસ્યાઓ સામે આવી રહી છે. સેકટરોને દબાણ મુક્ત કર્યા વગર જ કમ્પાઉન્ડ વોલ બાંધવામાં આવી રહી છે. ત્યારે સ્માર્ટ સીટીની વાતો વચ્ચે શહેરમાં રખડતા ઢોર અને દબાણો સહીત રહેણાંક વિસ્તારમાં પાર્કીંગ સહીતના પ્રશ્નો સે-૨૪ જેવી સ્થિતિનુ નિર્માણ કરશે. કોર્પોરેશનનુ તંત્ર આમ નાગિરકોની સમસ્યાઓને ધ્યાને લીધા વિના જ નવી યોજનાનુ કામ શરૂ કરી દે છે. ત્યારે કમ્પાઉન્ડ વોલ દબાણો માટે ઢાલ બની જતા દબાણકર્તાઓને પણ ફાવતુ મળ્યુ છે. આ સ્થિતિને નિવારવા માટે કોર્પોરેશને હવે વધતા દબાણો દુર કરવા પણ ઝુંબેશ હાથ ધરવાની અનિવાર્યતા છે.

## જિલ્લામાં સપ્તાહમાં ત્રીજીવાર કોરોનાનો એક પણ કેસ નહિ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક સપ્તાહમાં કોરોનાનો કેસ નોંધાયો નથી. ૧૦મી જુલાઈથી શહેરમાં આજે સતત ચોથા દિવસે કોરોનાનો કેસ નોંધાયો નથી. જ્યારે જિલ્લામાં ગઈકાલે એક કેસ નોંધાયા બાદ આજે સપ્તાહમાં ત્રીજીવાર ઝીરો કેસ નોંધાયો છે.

જિલ્લામાં કોરોના સંક્રમણ ઘટતાં તંત્રએ રાહત અનુભવી છે. જિલ્લામાં આજે ૬૨ જેટલા દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૫૬ અને શહેરમાં ૬ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

જિલ્લામાં કોરોનાનો રિકવરી રેટ ૯૮ ટકા નોંધાયો છે. જિલ્લામાં સંક્રમણ ઘટ્યુ છે પરંતુ તંત્ર દ્વારા સઘન સર્વેલન્સની કામગીરી ચાલી રહી છે. આ ઉપરાંત વેક્સિનેશન અભિયાનને પણ સઘન બનાવવામાં આવ્યુ છે. જિલ્લામાં હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું અસરકારક મોનીટરીંગ કરવાની સૂચનાઓ પણ તંત્ર દ્વારા આપવામાં આવી છે.

જ્યારે ગુજરાતમાં કોરોના હવે લગભગ કાબુમાં આવી ગયો હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. આજે કોરોનાના માત્ર ૩૧ જ કેસ નોંધાયા હતા. કોઈ નાનકડા તાલુકામાં હોય તેટલા કેસ આખા ગુજરાતમાં નોંધાયા છે. રાજ્યમાં કોરોનાથી સાજા થવાના દરમાં પણ વધારો થઈ રહ્યો છે. સાજા થવાનો દર ૯૮.૬૯ ટકાએ પહોંચ્યો છે. રાજ્યમાં આજે ૧૧૩ લોકો સાજા થયા છે. આ પ્રકારે કુલ ૮,૧૩,૫૧૨ લોકો કોરોનાથી સાજા થઈ ચુક્યું છે. તો બીજી તરફ રસીકરણ અભિયાન પણ જોરોશોરોથી ચાલી રહ્યું છે. રાજ્યમાં કુલ ૨,૫૩,૩૦૮ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. હાલ કુલ ૭૧૯ લોકો કોરોનાની સારવાર લઈ રહ્યા છે. જે પૈકી ૦૬ લોકો વેન્ટિલેટર પર છે. ૭૧૩ લોકો સ્ટેબલ છે. ૮,૧૩,૫૧૨ લોકોને અત્યાર સુધીમાં ડીસ્ચાર્જ કરી દેવાયા છે.


बेसना



अत्यंत दुःख के साथ सूचित करना पड़ रहा है कि मेरी धर्म पत्नी

**स्व. नीलम जैन**

का स्वर्गवास दिनांक 11.7.2021 को हो गया है। दिवंगत आत्मा की शांति हेतु बेसना सभा दिनांक 14.7.2021 सुबह 9.00 बजे से 10.30 तक आगमन–प्रस्थान रखा है। तेरापंथ सेवा समाज भवन, दूसरा माला, शाही बाग, अहमदाबाद–380004

**शोकाकुल परिवार**

धर्मेन्द्र जैन (पति), उत्सव जैन (पुत्री), वंश जैन (पुत्र), संतोष–भारतभूषण जैन, मधु–उम्मेद जैन, अनिता–अमृत जैन (बड़े भाई–भाभी), राहुल जैन– रिद्धि (भतीजा–भतीजावधु), प्रज्ञा– राहुल जी (भतीजी–दामाद), भारती–जतनराज पटोलिया (दामाद), **पीहर पक्षः** शुभकरण श्यामसुखा (पिताजी)

मो. 98240 77240, 94284 61470

फर्मः यंगलीडर दैनिक एवं जिनेन्दु साप्ताहिक, छाजेड़ परिवार


**TENDER NOTICE (URGENT)**

**WORK NAME : New Work & repair, Washroom at IT-Tower 1 @ INFOCITY, GANDHINAGAR.**

ESTIMATED TENDER VALUE : 5,00,000.00 RS
TENDER FEE : 500.00 RS.
EMD : 25000.00 RS
TENDER INVITE DATE : 16/07/2021 TO 19/07/2021
PLACE TO GET TENDER : CREATIVE INFOCITY LTD, IT TOWER 4, INFOCITY, GANDHINAGAR.
TENDER CLOSE DATE: 21/07/2021 AT 4:00 PM
PRE BID MEETING DATE: 20/07/2021 AT 5:30 PM
TENDER OPEING DATE: 22/07/2021
WORK COMPLETION PERIOD: 30 DAYS
Note: Requirement for Civil Engineers / Site Engineers Exp:3 to 5 Years.

MANAGING DIRECTOR
CREATIVE INFOCITY LTD

## નાયબ મુખ્યમંત્રીએ સે.૨૧ અને ૧૭ના જુના એમએલએ કવાર્ટરની મુલાકાત લીધી

**નાયબ મુખ્યમંત્રી તેમજ વિધાનસભાના અધ્યક્ષે સે-૧૭ અને સે-૨૧ ના એમ એલ એ કવાર્ટરમાં અંદર પ્રવેશી મકાનોનુ નિરિક્ષણ કર્યુ : સદસ્ય નિવાસ સમિતિના સુઝાવોને ધ્યાને લઇ સ્થળ પસંદગીના અંતે નવા ૭ ટાવરો ઉભા કરાશે : ટુંકમાં આયોજન થશે**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાં દાયકાઓ જુના સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ ભયજનક પુરવાર થયા છે. જયારે જોખમી આવાસો તોડીને તેના સ્થાને નવા કોર્પોરેટ લુક ધરાવતા નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. બીજીતરફ શહેરમાં વર્ષો જુના એમ એલ એ કવાર્ટરના સ્થાને ધારાસભ્યોના રહેણાંક માટે પણ નવા ટાવરો ઉભા કરવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. નવા એમ એલ એ કવાર્ટરના નિર્માણને અનુલક્ષી સ્થળ સ્થિતિનુ નિરિક્ષણ કરવા માટે નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ, વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી તેમજ માર્ગ મકાન વિભાગના સી ઈ પી એમ ચૌધરીએ સે-૨૧ અને સે-૧૭ માં રાઉન્ડ લીધો હતો. આ દરમિયાન વિભાગના ૧ ના કાર્યપાલક ઈજનેર કેતન રાવત સહીતના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. નાયબ મુખ્યમંત્રીએ સે-૨૧ એમ એલ એ કવાર્ટરના મકાનોમાં પ્રવેશીને ધારાસભ્યના મકાનોનુ નિરિક્ષણ કર્યુ હતુ. આ દરમિયાન સદસ્ય નિવાસ સમિતિ દ્વારા એમ એલ એ ક્વાર્ટરની કેન્ટીનની બેઠક વ્યવસ્થાને અનુલક્ષીને એ સી ની સુવિધા ઉભી કરવા માટે પણ તેમને રજુઆત કરવામાં આવી હતી. સે-૨૧ ની સાથે સે-૧૭ ના દાયકાઓ છ તેમજ ડી કક્ષાના કવાર્ટરનુ પણ નિરિક્ષણ કરાયુ હતુ. આગામી દિવસોમાં શેહરમાં ધારાસભ્યો માટે નવા મકાનો બાંધવા માટે કામગીરી હાથ ધરાશે. જો કે હજુ નવા એમ એલ એ કવાર્ટર માટે જગ્યાની પસંદગી કરાઈ નથી. સે-૧૭ માં ધારાસભ્ય માટે નવા મકાનો બાંધવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે. આ મામલે સદસ્ય નિવાસ સમિતિ પાસેથી યોગ્ય સુઝાવ લીધા બાદ નિર્ણય લેવાશે. શહેરમાં ધારાસભ્યોના વસવાટ માટે નવા ૭ ટાવરો બાંધવાનુ આયોજન છે. જયારે સ્થળ પસંદગી અને સુઝાવોના આખરે ટાવરો બાંધવા માટે પ્લાનીંગ કરાશે. ધારાસભ્ય નિવાસના નવા મકાનો બાંધવા માટે યોજના આખરી થશે.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ટ્યૂકડી જાહેર ખબર દર રવિવારે

ફોન - ૨૩૨૨૨૫૭૧


## ધો -૧૦ અને ૧૨માં જિલ્લામાં ૧૩૮૫૦ રીપીટર વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

**એક બ્લોકમાં માત્ર ૨૦ વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા : આગામી તા ૧૫ જુલાઇથી પરીક્ષાનો પ્રારંભ થશે**

ગાંધીનગર તા ૧૩

આગામી તા ૧૫ જુલાઈથી ધો -૧૦ અને ૧૨ ના રીપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા શરૂ થશે. ગાંધીનગર જિલ્લામાંથી અંદાજિત ૧૩૮૫૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજરી આપશે. કોરોનાની મહામારીને ધ્યાને લઈ એક બ્લોકમાં ૨૦ વિદ્યાર્થીઓની જ બેઠક વ્યવસ્થા ગોઠવાશે જયારે પરીક્ષાર્થીઓ માટે ૪૦ થી વધુ બિલ્ડીંગોમાં ૪૦૦ થી વધુ રૂમમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવાશે.

કોરોના કાળમાં ધો -૧૦ અને ૧૨ ના રેગ્યુલર વિદ્યાર્થીઆની બોર્ડ પરીક્ષા રદ કરી માસ પ્રમોશન આપી દેવાયુ છે. જયારે રીપીટર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન નહી મળે તે મામલે સરકારે પહેલાથી જ ગાંઠ બાંધી લીધી હતી જેના અંતે વિદ્યાર્થીઓ સહીત વાલી મંડળો અને સંગઠનોની રજુઆતના અંતે પણ રીપીટર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો નિર્ણય લેવાયો ન હતો. ધો -૧૦ અને ૧૨ ના રીપીટર વિદ્યાર્થીઆની આગામી તા ૧૫ જુલાઈના રોજથી પરીક્ષા લેવાશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી આ પરીક્ષા અન્વયે ગાંધીનગર જિલ્લામાંથી ધો -૧૦ ના ૯૩૫૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જયારે આ માટે ૪૦ સ્કુલમોમાં રીપીટર વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં ૩૫૦૦ તેમજ ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧ હજાર જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. કોરોનાના સંક્રમણને ધ્યાનમાં રાખીને એક બિલ્ડીંગમાં ૧૦ બ્લોક અને એક બ્લોકમાં સોસિયલ ડીસ્ટન્સ અને માસ્ક સાથે માત્ર ૨૦ વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવાશે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સી સી કેમેરાની વોચ રહેશે. ૪૦ થી વધુ બિલ્ડીંગના ૪૦૦ થી વધુ રૂમમાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવાશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com